પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com


# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૫૭, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૭-૧૦-૨૦૨૦ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 57 PRICE :-RS. 1.50 DATE : 27-10-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678


પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦




મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના ૪૫,૧૪૯ કેસ નોંધાયા, ૪૮૦ દર્દીનાં મોત



ન્યુ દિલ્હી,
ભારતમાં પૂર ઝડપે ફેલાતા કોરોના વાયરસનું સંક્રમણ કાબુમાં આવતું જોવા મળી રહ્યું છે. સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં ભારત દેશ બીજા સ્થાન પર છે. જો કે, છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના નવા નોંધાતા કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે સોમવારના રોજ ત્રણ મહિના બાદ છેલ્લા ૨૪ કલાક દરમિયાન સૌથી ઓછા ૪૫૧૪૮ નવા કેસ નોંધાયા છે. આ સાથે જ સંક્રમિતોની કુલ સંખ્યા ૭૯૦૯૯૫૯ સુધી પહોંચી ગઈ છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા દરમિયાન દેશમાં કોરોના વાયરસના એક્ટિવ કેસમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૫૯૧૦૫ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ થઈ ગયા છે. દેશમાં રિકવરી રેટ પણ સતત વધી રહ્યો છે જે રાહતની વાત છે. આ સાથે જ આ આંકડો વધીને ૭૧૩૭૨૨૮ સુધી પહોંચી ગયો છે.

જેનાથી સ્પષ્ટ થાય છે કે દેશભરમાં કોરોના વાયરસના એક્ટિવ કેસનો આંકડો ૬૫૩૭૧૭ સુધી પહોંચ્યો છે. મહીનાઓ પછી છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં સૌથી ઓછા ૪૮૦ લોકોએ કોરોના સંક્રમણને કારણે અંતિમ શ્વાસ ભર્યા છે. આ સાથે જ કોરોના સંક્રમણના કારણે મૃત્યુ પામનાર દર્દીઓનો આંકડો વધીને ૧૧૯૦૧૪ સુધી પહોંચી ગયો છે. જો કે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. જેને કારણે ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સામાન્ય વધારા બાદ ૯૦.૨૩ ટકા સુધી પહોંચ્યો છે. દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૪૨૯૭૧૧૬૧ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૧૧૫૩૪૭૦ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૨૮૯૫૭૪૨૮ લોકો સ્વસ્થ થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૧૨૮૬૦૨૬૩ કેસ એક્ટિવ છે.

સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર ભારત, ત્રીજા સ્થાન પર બ્રાઝીલ અને ચોથા સ્થાન પર રશિયા છે. ગુજરાતમાં કોરોના વાયરસના કેસ વધતા જાય છે ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૯૧૯ લોકો કોરોના સંક્રમિત થયા છે. આમ અત્યાર સુધીમાં કુલ ૧૬૭૧૭૩ કોરોના કેસ નોંધાયા છે. ૨૪ કલાકમાં વધુ ૭ લોકોના મોત થતાં કુલ મૃત્યુઆંક ૩૬૮૯એ પહોંચ્યો છે. આ ઉપરાંત એક્ટિવ કેસોની વાત કરીએ તો કુલ ૧૩,૯૩૬ એક્ટિવ કેસ છે જેમાં ૬૫ કેસ વેન્ટિલેટર ઉપર છે જયારે ૧૩,૮૭૧ કેસ સ્ટેબલ છે. અત્યાર સુધીમાં ૧,૪૯,૫૪૮ લોકોને ડિસ્ટાર્જ કરવામાં આવ્યા છે.

## મહીસાગર જિલ્લામાં આજે ૩ પોઝિટિવ કેસ નોંધાયા :
# જિલ્લામાં કોરોનાના કુલ ૧૨૫૭ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે ખાનપુર તાલુકાના ૦૨ પુરૂષો અને લુણાવાડા તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૬-૧૦-૨૦૨૦ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૨૫૭ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લાસમાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાના ૦૧ પુરૂષ, કડાણા તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૩ પુરૂષો, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લાતમાં અત્યાર સુધીમાં કુલ ૧૧૭૦ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૪ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૨ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૬૭૮૦૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૧૯૮ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૯ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૦૩ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૨૭ દર્દી હોમ આઈસોલેશન, ૦૦ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC) અને ૦૬ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૪૦ દર્દીઓ સ્ટેબલ, ૦૫ દર્દીઓ ઓક્સિજન પર છે.

## મહીસાગર જિલ્લામાં ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા
# ખાનપુર તાલુકાના દેગમડા ખાતે ખેડૂતોની મગફળીનું ટેકાના ભાવે ખરીદી શરૂ કરાઈ

લુણાવાડા,
મહીસાગર જિલ્લાના ખેડૂતોએ પકવેલ મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવાનો શુભારંભ લુણાવાડા ધારાસભ્ય જીજ્ઞેશભાઈ સેવક અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીની ઉપસ્થિતિમાં ખાનપુર તાલુકાના દેગમડા અનાજ ગોડાઉન ખાતે કરવામાં આવ્યો હતો. જેને લઈ ખેડૂતમાં ઉત્સાહ છે અને ખેડૂતને મગફળીના બજાર કરતા સારા ભાવ મળતા ઉત્સાહભેર પોતાની મગફળી દેગમડા અનાજ ગોડાઉન ખાતે ટેકાના ભાવે આપી રહ્યા છે.

આ પ્રસંગે ધારાસભ્ય જીજ્ઞેશભાઈ સેવકે જણાવ્યું હતુ કે મહીસાગર જિલ્લામાં ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા ખાનપુર તાલુકાના દેગમડા ખાતે ટેકાના ભાવે જિલ્લાના ખેડૂતોની મગફળી ટેકાના ભાવે ખરીદવાનું સેન્ટર આપવામાં આવ્યું છે. તેમજ અધિકારીઓની ઉપસ્થિતિમાં મગફળી ની ટેકાના ભાવે ખરીદી શરૂ કરવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારની ખેડૂત લક્ષી યોજનાઓને કારણે ખેડૂતોને મગફળીના સારા ભાવ મળી રહ્યા છે જેને લઈ ખેડૂતમાં ઉત્સાહનું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

આ દેગમડા અનાજ ગોડાઉન સેન્ટર ખાતે ૫૦૪ ખેડૂતોએ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. ખેડુતોનો બજાર કરતા સારો ભાવ મળી રહ્યો છે. બજાર માં ૨૦ કિલો મગફળીનો ભાવ ૭૦૦ થી ૮૦૦ રૂપિયા છે જ્યારે સરકાર દ્વારા મગફળી નો ટેકનો ભાવ ૧૦૫૫ રૂપિયા છે ખેડૂતને કોઈપણ પ્રકારની તકલીફ પડયા વગર પોતાના મગફળીપાકના સારા ભાવ મળતા ખેડૂતો ખુશ જોવા મળ્યા હતા.

આ પ્રસંગે લુણાવાડા પ્રાંત અધિકારી મોડીયા, જિલ્લા પુરવઠા અધિકારી આર.બી. અસારી, વિરપુર એપીએમસી ચેરમેન અશોકભાઈ જોષી, દેગમડા સરપંચ અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ પાલિકા કાઉન્સીલરના હત્યાના ચાર આરોપીઓના રિમાન્ડ પુરા થતાં જેલમાં મોકલાયા

ઝાલોદ,
ઝાલોદના નગરપાલિકાના કાઉન્સિલર હિરેન પટેલના મર્ડરના પ્રકરણમાં ૨૦૦૨ના કુખ્યાત આરોપી ઈરફાન પાડા,ઝાલોદના બુટલેગર અજય કલાલ સહિત ચાર જણાના આજે રિમાન્ડ પૂરા થતાં તેઓને જુડીશ્યલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

ઝાલોદના કાઉન્સિલર હિરેન પટેલ ના મોત ને માર્ગ અકસ્માતમાં તબદીલ કરવા અને ૨૦૦૨નો ગોધરાકાંડનો કુખ્યાત આરોપી ઈરફાનભાઈ સીરાજભાઈ પાડા રહે.ગોધરા, ઝાલોદનો બુટલેગર અજય કલાલ, મહોમદસમીર મહોમદસહેજાદ મુજાવર રહે.મહેદપુર કેસરપુર (એમ.પી.), સજ્જનસીંગ ઉર્ફે કરણ વિક્રમસિંહ ચૌહાણ રહે. શેખાખેડી તા.મહેદપુર (એમ.પી.) આ ચારેય આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ગત તારીખ ૨૭મી સપ્ટેમ્બરના રોજ મોર્નિંગ વોક પર નીકળેલા હિરેન પટેલ ને બોલેરો ડાલા ગાડી ની અડફેટે લઇ મોતને ઘાટ ઉતાર્યા બાદ આ ચારેય આરોપીઓ ફરાર થઈ ગયા હતા અને આ સંબંધે ઝાલોદ પોલીસ મથકે રાજકીય અદાવતે પટેલની મોતને ઘાટ પોતાની આશંકા સાથે જાણવાજોગ પર નોંધાઈ હતી. આ સમગ્ર મામલા બાદ દાહોદ જિલ્લા પોલીસની સંયુક્ત ટીમ દ્વારા તપાસનો ધમધમાટ આરંભ કરતા ઉપરોક્ત ચારે આરોપીઓને થોડાક દિવસો બાદ ઝડપી પાડવામાં આવ્યા હતા અને તેઓની સઘન પૂછપરછ દરમિયાન સુરજીત આયોજિત કાવતરા સાથે હિરેન પટેલ ને મોતને ઘાટ ઉતાર્યા હોવાની આરોપીઓએ કબૂલાત પણ કરી હતી. ત્યારબાદ આ ચારેય આરોપીઓને ઝાલોદ કોર્ટ ખાતે વિડીયો કોન્ફરન્સ મારફતે બે વખત રજૂ કરી પોલીસે રિમાન્ડ મેળવ્યા હતા. આજે ૨૬મી ઓક્ટોબરના રોજ પોલીસને આપવામાં આવેલ અત્યાર સુધીના રિમાન્ડ પુરા થતા આ ચારેય આરોપીઓને દાહોદની જુડીશ્યલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે. ત્યારે બીજી તરફ મધ્યપ્રદેશ ઉજ્જૈનના મહેદપુરના ધાબાના માલિક સહિત બે જણાને પણ હિરેન પટેલના મોતના પ્રકરણમાં દબોચી લઈ દાહોદ ખાતે લઈ આવ્યા છે અને તેઓના પણ આવતીકાલે એટલે કે,તારીખ ૨૭ ઓક્ટોબરના રોજ રિમાન્ડ પૂર્ણ થનાર છે ત્યારે આ બે વ્યક્તિઓના વધુ રિમાન્ડ મંજૂર કરવામાં આવશે કે પછી તેઓને પણ જુડીશ્યલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવશે? તે તો આવનાર દિવસ જ કહેશે પરંતુ હિરેન પટેલ ના મોતના આ સમગ્ર પ્રકરણ આવનાર દિવસોમાં કેવા પ્રકારનો વળાંક લેશે તેમજ બીજા ક્યા ક્યા આરોપીઓના ચહેરાઓ બહાર આવશે કે કેમ? તેની તરફ ઝાલોદ નગરવાસીઓ તેમજ જિલ્લાવાસીઓની નજર મંડાયેલી છે.

# દાહોદ શહેરમાં કેશવ માધવ રંગમંચ, સ્ટેશન રોડ, દાહોદ ખાતે જ ફટાકડાનું વેચાણ કરી શકાશે

દાહોદ,
દાહોદ શહેરમાં આગામી દિવાળીપર્વ અને કોરોના સ્થિતિને દયાનમાં રાખીને કેશવ માધવ રંગમંચ, સ્ટેશન રોડ, દાહોદને ફટાકડા વેચાણ માટે નિયત સ્થળ નક્કી કરવામાં આવ્યું છે અને આ નિયત સ્થળ સિવાય અન્ય સ્થળે ફટાકડાનું છૂટક વેચાણ-વિતરણ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એમ.જે. દવે દ્વારા તા. ૧ નવેમ્બરથી તા. ૧૬ નવેમ્બર સુધી લાગુ પડે તે રીતે તા. ૨૩/૧૦/૨૦૨૦ ના રોજ આ જાહેરનામું પસિદ્ધ કરવામાં આવ્યું છે. જાહેરનામા મુજબ હંગામી લાયસન્સ ઈસ્યુ કરવામાં આવ્યા હોય તેવા છૂટક વિક્રેતાઓએ જ નિયત સ્થળ ખાતેથી વિતરણ કરવાનું રહેશે. નિયત સ્થળ ખાતેથી વેચાણ માટે હંગામી લાયસન્સ ફરજીયાત છે. ૧૮ વર્ષથી નીચેના બાળકોને ફટાકડાનું વેચાણ કરી શકાશે નહી. દુકાનની આગળ કોઈ પણ પ્રકારનું શેડ કે પ્લેટફોર્મ બનાવી શકાશે નહી. આ પ્રકારના સ્ટોલ પર અગ્નિશમનની નિયમોનુસાર તમામ વ્યવસ્થા કરવાની રહેશે. અગ્નિશમન માટેનો તમામ સમાન અને વ્યવસ્થા વેચાણ સ્થળે કરવાના રહેશે. નગરપાલિકા, દાહોદ દ્વારા આ બાબતની ખાતરી કરવામાં આવશે. ઉપરાંત નિયત સ્થળની જોગવાઈ અનુસાર લે આઉટ અને પ્લોટ ફાળવી હરાજી ભાડાપટ્ટીથી નગરપાલિકા દાહોદે કરવાની રહેશે. કોવીડ-૧૯ બાબતની તમામ સૂચનાઓ-સાવચેતીઓનું પાલન કરવાનું રહેશે અને માસ્ક, સામાજિક અંતર અને સેનિટાઈઝર જેવી બાબતોનું ચુસ્ત પાલન કરવાનું રહેશે. આ નિયમોનો ભંગ કરનાર સામે કડક કાયદેરસની કાર્યવાહી કરવામાં આવશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૨૭-૧૦-૨૦૨૦, મંગળવાર, નિજ આસો સુદ-૧૧, સૂર્યોદય-૬-૪૯, સૂર્યાસ્ત-૬-૧૩, જૈન નવકારશી-૭-૩૭, આજની રાશિ : કુંભ (ગ.સ.શ.), નક્ષત્રઃ પૂર્વા ભાદ્રપદ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૨-૦૮ થી ૧૨-૫૩ સુધી, ૯-૪૦થી ચલ-લાભ-અમૃત-૧૩-૫૬ સુધી, ૧૫-૨૧થી શુભ-૧૬-૪૬ સુધી, ૧૯-૪૬થી લાભ-૨૧-૨૧ સુધી, ૨૨-૫૬થી શુભ-અમૃત-ચલ-૨૭-૪૦ સુધી

- શુભ હોરા-
૮-૪૩ થી ૧૧-૩૪ સુધી, ૧૨-૩૧થી ૧૩-૨૭ સુધી, ૧૫-૨૧ થી ૧૮-૧૧ સુધી ૧૯-૧૫ થી ૨૦-૧૮ સુધી

## સંતરામપુરમાં સંત તાલુકા ટીચર સોસાયટી ૪૦૦૦ સભાસદોને ગીફ્ટ અને ડિવિડન આપવામાં આવ્યું



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુરમાં સંત તાલુકા ટીચર સોસાયટીમાં સભાસદના શિક્ષકો દિવાળી નિમિત્તે ૧૫ ટકા ડિવિડન્ડ અને ટ્રાવેલિંગ બેગ આપવામાં આવી હતી. વર્ષો પછી ટીચર સોસાયટીમાં આ વખતે ગિફ્ટ અને ડિવિડન્ડ સંતરામપુરના સોસાયટીના ચેરમેન શાંતિલાલ સહાની અને વાઈસ ચેરમેન મનસુખભાઈ પટેલ હસ્તે વિતરણ કરવામાં આવેલું હતું.

# દાહોદની મોડેલ ડે સ્કુલના પ્રવાસી શિક્ષકો કોરોનાકાળમાં સમય પગાર અને કાયમી નિમણૂંક બાબતે આવેદન આપ્યું

દાહોદ,
દાહોદના સરકારી તથા ગ્રાન્ટેડ અને આર.એમ.એસ.એ અંતર્ગત મોડેલ ડે સ્કુલમાં પ્રવાસી શિક્ષકો ફરજ બજાવે છે. ત્યારે આ શિક્ષકો કોવિડ-૧૯ જેવી પરિસ્થિતિનો સામનો કર્યા બાદ આ કર્મચારીઓની હાલત દયનિય અને કફોડી બનતા આ શિક્ષકો દ્વારા દાહોદ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી પોતાની વિવિધ માંગણીઓ રજૂઆત કરી છે.

આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, પ્રવાસી શિક્ષકો ને માસિક ફિક્સ પગાર નક્કી કરવામાં આવે તથા પ્રવાસી શિક્ષકોનો અનુભવ ગણવામાં આવે, પ્રવાસી શિક્ષકોને જોબ સિક્યુરિટી આપવામાં આવે, પ્રવાસી શિક્ષકોને કાયમી શિક્ષક જેટલો લાભ આપવામાં આવે, પ્રવાસી શિક્ષકો ને જાહેર રજા રવીવાર અને વેકેશન નો પગાર આપવામાં આવે અને નિયમિત પગાર આપવામાં આવે, હાલના તમામ પ્રવાસી શિક્ષકો કાયમી શિક્ષકની જેમ કામગીરી કરે છે. શાળાના તમામ વહીવટી કામ કરે છે હાલ આ સરકાર પ્રવાસી શિક્ષકો ને એક સામાન્ય મંજુર વેતન આપી રહી છે. આ પ્રવાસી શિક્ષકોનો માહે એપ્રિલ થી ઓકટોબર ૨૦૨૦ સુધીનો પગાર ચૂકવવામાં આવે, દિલ્હી સરકારે પ્રવાસી શિક્ષકો ને કાયમી શિક્ષકો તરીકે નિમણૂક આપેલ છે. વર્ષ ૨૦૧૫ થી પ્રવાસી શિક્ષકો કાર્યરત છે જેથી ગુજરાત સરકાર તેનો અમલ કરે આ તમામ માંગણીઓ સાથે દાહોદ જિલ્લાના પ્રવાસી શિક્ષકો દ્વારા જિલ્લા કલેકટર વિજય ખરાડી ને સંબોધતું આવેદનપત્ર સુપરત કર્યું હતું.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,
દાહોદમાં આજે વધુ ૦૬ કોરોના પોઝીટીવ કેસોની સંખ્યા સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૭૮૬ ને પાર પહોંચ્યો છે. દાહોદમાં મંથરગતિએ કોરોનાની સંખ્યા આગળ વધી રહી છે. આર.ટી.પી.સી.આર.ના ૨૭૧ પૈકી ૨ ત્યારે અને રેપીટ ટેસ્ટના ૧૭૦૬ પૈકી ૦૪ કોરોના પોઝીટીવ કેસો સામે આવ્યા છે. આ ૦૬માંથી દાહોદમાંથી ૦૩, ઝાલોદમાંથી ૦૨ અને ગરબાડામાંથી એક કેસોનો સમાવેશ થાય છે. આજે વધુ ૦૯ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતા એક્ટીવ કેસની સંખ્યા ૭૨ રહેવા પામી છે. ત્યારે અત્યાર સુધી કોરોનાથી મૃત્યુ પામનાર લોકોની સંખ્યા ૭૪ ને પાર પહોંચી ગઈ છે.

# શહેરાના સાજીવાવ ગામે પ્રેમી-પંખીડાની આત્મહત્યા



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરાના સાજીવાવ ગામ મા ખેતર માં આવેલ લીમડાના ઝાડ ઉપર સ્થાનિક ગામના યુવાન અને સગીરાની લાશ લટકતી હાલતમા મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. સ્થાનિક લોકોની મદદથી પોલીસે પ્રેમી પંખીડાની લાશને નીચે ઉતારી ને પીએમ અર્થે મોકલી દેવામાં આવી હતી. આ મામલે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શહેરા તાલુકાના સાજીવાવ ગામના જંગલ વેલાળી ફળિયાના પરીણીત યુવાન મહેન્દ્ર નાયકને આજ ગામની સગીરા સાથે પ્રેમ સંબંધ હતો. આ બે પ્રેમી પંખીડા ને એમ હતું કે સમાજ એક બીજાના થવા નહી દે તેમ લાગતુ હોવાથી તેઓએ જોડે આ પ્રેમ ની દુનિયાને અલવિદા કરવાનું વિચાર્યું હતુ. આ બન્ને પ્રેમી-પંખીડાએ મરતા પહેલા એક બીજા ના ગળા માં ફૂલના હાર પહેરાવીને લીમડાના ઝાડ ઉપર કાળી દોરી બાંધીને લટકી ગયા હતા. જ્યારે સવારમાં કાશીબેન નાયક ને ઝાડ ઉપર લટકતી લાશ આ બે પ્રેમી પંખીડાની જોવા મળતા તેઓએ યુવાન ના પરીવારજનો ને જાણ કરી હતી. જ્યારે ગામના જાગૃત નાગરિક દ્વારા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ મથકના પી.એસ.આઇ. એલ.એસ. પટેલ સાથે બીટ જમાદાર રાજેન્દ્રસિંહ ઝાલા સહિતનો સ્ટાફ બનાવ સ્થળ ખાતે આવી પહોંચીને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રેમી પંખીડાની લટક્તી લાશને ઝાડ ઉપરથી નીચે ઉતારીને પોસ્ટમોર્ટમ માટે લઈ જવામાં આવી હતી. બનેલા બનાવને લઈને સ્થળ ઉપર મોટી સંખ્યામાં લોકટોળા ઉમટી આવ્યા હતા. પોલીસે આ મામલે ગુનો નોંધીને વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

# દે.બારીઆ સરકારી હોસ્પિટલમાં ડિજીટલ એક્સ-રે મશીન સેવા ઉપલબ્ધ કયારે ?

દે.બારીઆ,
દે.બારીઆ સરકારી હોસ્પિટલ જે પંથકના ગરીબ આદિવાસી માટે અતિઆધુનિક ગણાય છે. પરંતુ તેમાં ઉપકરણની અછત છે કે પછી હોય તો પણ ઉપયોગમાં લેવાતા નથી તે એક ઉદારણ બતાવીએ તો આઈસીયુ નું છે તેમજ હોસ્પિટલમાં સોનોગ્રાફી થતી નથી. ઓપરેશન કરવા માટે લાંચ આપો તો સોનોગ્રાફી આપે તથા સારું બેડ મળી રહે છે.તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે.

મળતી માહિતી અનુસાર સાદા એકસ-રે મશીનની સુવિધા ઉપલબ્ધ છે. જે બુધ, શુક્રવારના દિવસે તેના રૂ।.૨૫/ની પહોંચ આપવામાં આવે છે. હાલમાં કોરોના મહામારી વચ્ચે સરકારે તમામ વોરીયર્સને વિમા થકી આવરી લીધા છે. તેમ છતાં દર્દીઓ સાથે અભડછેદ રાખતા દેખવા મળે છે. સાદા દર્દીઓને પણ કોરોના સાથે જોડી દેવાતા ક્યાં સુધી ચાલતું રહેશે. રેપિડ ટેસ્ટના આગમન પહેલા બ્લડ અને યુરિન રિપોર્ટ અને સોનોગ્રાફી સાથે એક્સ-રે મશીને સાદા મશીન અને ડિજીટલ એક્સ-રે મશીનને જોડીને તમામ એકસ-રે ડિજીટલ ટાઈપના મળી રહેશે. દર્દીઓની પરિસ્થિતી ઉપર ચાંપતી નજર રખાશે. કોરોનાનું આક્રમણ ખાસ કરીને ફેફસા પર થાય છે. રોગના ઘટ વધતી સતત જાણકારી મળતી રહેશે જેથી રેપિડ ટેસ્ટ નેગેટીવ આવે છતાં પણ દર્દીને લક્ષણો જણાતા હોય તો સચોટ નિદાન માટે એક્સ-રે ટેસ્ટની ઘણી અગત્યતા છે. દેવગઢ બારીઆ સરકારી હોસ્પિટલમાં હાલની સ્થિતી આ પ્રમાણે છે. કોઈ ગરીબ દર્દીને ફેકફર થાય તો એક્સ-રે થાય તો કોઈ સ્પેશીઅલ હાડકાનો ડૉક્ટર નથી. જેથી સરકારી હોસ્પિટલમાં આરોગ્ય માટે જે ગ્રાન્ટ ફળવાય છે. તે ઉપકરણો લાવવા માટે વપરાય સાથે સાથે તમામ વિભાગના અને જે તે પ્રકારના દર્દીઓ માટે ડૉકટસ મુકવાની આમ જનતાની માંગ અને જરૂરીયાત પણ છે. પાર્ટટાઈમ ડૉકટરતો અઠવાડીયામાં પણ દેખાતા નથી. આઠ થી દસ હજાર એક ડૉકટર પર સરકારના નાણા વેડફાય છે પાર્ટટાઈમ ડૉકટર્સનો એક જ મકસદ એટલો રહેલો છે કે, સરકારી હોસ્પિટલ માંથી પોતાના કલીનીક માટે કેસો મળી રહે આવી પ્રથા પડી ગઈ છે. જેથી પાર્ટટાઈમની જગ્યા નાબુદી કરવાની રહી કાયામી ડૉકટર્સ મૂકવા તે દર્દીઓ માટે હિતાવહ છે. તાત્કાલીક સારવાર માટે કોઈ રાત્રે ડૉક્ટર હાજર રહેતા નથી. તે કેટલું વ્યાજબી છે. જે ડૉકટરની તાત્કાલી સારવાર માટે રાત્રીની સીપમાં નોકરી મૂકાય તે ડૉકટર સ્થળ પર હાજર રહે તે માટે નોટીસો સાથે નોંધ લેવા જીલ્લાના આરોગ્ય અધિકારી સંગ્નાન લેશે ખરા તે તો આવનારો સમય બતાવશે.

## દૈનિક રાશીફળ
તા.૨૭.૧૦.૨૦૨૦ મંગળવાર

મેષ (અ.લ.ઈ.) :- સામાજીક સ્તરે તમો છવાયેલા રહેશો ગૃહોનું ભ્રમણ ન ધારેલી સફળતા અપાવે, પ્રવાસ થાય.

વૃષભ (બ.વ.ઉ.) :- વ્યવસાયિક પરત્વે કોઈ ન ધારેલી વ્યકિની મદદ મલે. નોકરીમાં પ્રમોશન બદલીના ચાન્સ

મિથુન (ક.છ.ઘ.) :- મહત્વકાંક્ષાઓ ફળવાની છે છતાં મહત્વની નિર્ણયો બાબત ઉઉતાવળ ન કરવી. યાત્રા પ્રવાસમાં અનુકુળતા રહે.

કર્ક (ડ.હ.) :- ભાગીદારો સાથે મોટી યોજના બાબત મીટીંગનું આયોજન થાય વિદેશ જવાની તક માટે સારો દિવસ.

સિંહ (મ.ટ.) :- સકારાત્મક વિચારો દ્વારા સફળતા મેળવશો. મનગમતી વ્યકિતની મુલાકાત થાય શેર સટ્ટામાં લાભ.

કન્યા (પ.ઠ.ણ.) :- અધિકારી વર્ગનો સહકાર સારો રેહવાનો નોકરીમાં નવી ઓફર ભાઈ-ભાઈ બહેનોનો સહકાર રહે.

તુલા (ર.ત.) :- દિવસ દરમ્યાન અનુકુળતાઓ રહે દરેક પ્રશ્નોમાં સફળતા પરિવારમાં ઉત્સાહ વધે માંગલીક કાર્યો થાય.

વૃશ્ચિક (ન.ય.) :- દિવસ ગતિ શીલતા વાળો રહેવાનો મિલ્કત બાબત અનુકુળતા નિર્ણયો બાબત કોઈની સલાહ ધ્યાન પાસેથી.

ધન (ભ.ધ.ફ.ઢ.) :- સતત વ્યસ્ત રહેવાના સકારાત્મક વિચારોથી સફળતા મેળવશો. મહત્વના ચર્ચા વિચારણા રહે.

મકર (ખ.જ.) :- નવા સંબંધોને જોડાણો બાબત કોઈ ઉતાવળ ન કરવી લગ્નજીવનમાં પેનકેન પ્રકારે તનાવ રહેવાનો.

કુંભ (ગ.શ.સ.) :- દિવસ દરમ્યાન રાજકીય વ્યકિતની મુલાકાતથી લાભ નોકરીમાં મનગમતું કાર્ય મલે. સ્વાસ્થ્ય જાળવવું.

મીન (દ.ચ.ઝ.) :- વ્યવસાય બાબત સફળતા શકિતઓનો લાભ મલે. આધ્યાત્મિક ક્ષેત્રે સફળતા યાત્રા પ્રવાસની ઈચ્છા ફળે.

# અશ્રુભિની શ્રધ્ધાંજલી



# સ્વ. અજયકુમાર કાંતિલાલ પંચાલ

## જન્મ તા. ૨૬/૧૨/૧૯૬૪

## સ્વ.તા. ૨૩/૧૦/૨૦૨૦

## :: આદ્યસ્થાપક ::

## પંચમહાલ સમાચાર

## (દૈનિક)

પંચમહાલ સમાચાર

# કોચીથી ગોવા ટ્રાન્ઝિટ પૂર્ણ કર્યા બાદ કેવડિયામાં સી-પ્લેનનું આગમન

નર્મદા,

રાજ્યમાં ૩૧ ઓક્ટોબરથી બે સ્થળેથી સી-પ્લેન સેવા શરૂ થવા જઈ રહી છે. કેન્દ્ર સરકારની ઉડાન યોજના અંતર્ગત શરૂ થનારી આ સી-પ્લેન સેવા માટે સાબરમતી રિવરફ્રન્ટથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી અને પાલિતાણામાં શેત્રુંજી નદીના સ્થળની પસંદગી કરવામાં આવી છે. જ્યારે આજે સી-પ્લેન અમદાવાદ આવી પહોંચશે. રવિવારે માલદીવ્સથી આ પ્લેન કોચી આવી પહોંચ્યું હતું અને ઈંધણ ભરવા માટે કોચી ઊતર્યું હતું. સી-પ્લેન કોચીથી ગોવા થઈ અમદાવાદ આવશે. અહીં આવ્યા પછી સી-પ્લેનની ટ્રાયલ સહિતની કામગીરી હાથ ધરવામાં આવશે. ૩૧મીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેવડિયાથી સી પ્લેનમાં બેસી અમદાવાદની સાબરમતી રિવર ફ્રન્ટ આવશે. કેવડિયા બાદ હવે અમદાવાદમાં પણ સી-પ્લેનનું લેન્ડિગ થયું છે. આ સી-પ્લેનમાં સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના એમ.ડી. ડો.રાજીવ ગુપ્તા કેવડિયાથી અમદાવાદ આવ્યા છે. કોચીથી ગોવા ટ્રાન્ઝિટ પૂર્ણ કર્યા બાદ હાલ સી-પ્લેન ગુજરાતના કેવડિયા તળાવ નંબર ૩ ખાતે આવી પહોંચ્યું છે.



૧૯ સીટર આ સી-પ્લેનમાં હાલ ૧૨ મુસાફરોને બેસાડવામાં આવશે. આ ઉડાન યોજના અંતર્ગત રીજનલ કનેક્ટિવિટી હેઠળ અત્યારસુધીમાં ૧૬ રૂટ નક્કી કરવામાં આવ્યા છે. અમદાવાદથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી વચ્ચે શરૂ થનારી સી પ્લેન સર્વિસનું ભાડું ૪૮૦૦ નક્કી કર્યું છે. આ ઉપરાંત રોજ ચાર જેટલી ઉડાન ભરી શકાશે અને સી-પ્લેનમાં ૨ પાયલટ, ૨ ઓન–બોર્ડ ક્રૂ-મેમ્બર્સ હશે. પાણીમાં લેન્ડ તેમજ ટેક-ઑફ કરી શકે એવાં ઉપરાંત પાણીમાં તરી શકે એવા એરક્રાફ્ટને સી-પ્લેન તરીકે ઓળખવામાં આવે છે. આ પ્લેનના અમુક ભાગોની બનાવટ બોટના ઢાંચા જેવા હોવાથી એને ફ્લાઈંગ બોટ તરીકે પણ ઓળખવામાં આવે છે. વિશ્વનું સૌથી પહેલું સી-પ્લેન વર્ષ ૧૯૧૧માં ઉડાડવામાં આવ્યું હતું અને પાણી પર પણ પ્રયોગ કરવામાં આવ્યો હતો. ગ્લેન એચ. કર્ટિસ નામના અમેરિકન ઈજનેરે આ પ્રકારનું પહેલું એરક્રાફ્ટ બનાવ્યું હતું. પ્રથમ વિશ્વયુદ્ધમાં સી-પ્લેનનો સારોએવો ઉપયોગ થયો હતો. યુદ્ધ પૂર્ણ થયા બાદ આ પ્લેનનો વ્યાપારી હેતુસર ઉપયોગ પણ થવા લાગ્યો હતો. બીજા વિશ્વયુદ્ધમાં પણ આ પ્લેન કામ લાગ્યાં હતાં. જોકે બીજા વિશ્વયુદ્ધ બાદ પણ સી-પ્લેનનો ઉપયોગ નાના પાયે જ થતો હતો.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો ગુજરાત પ્રવાસ

- ૩૦ ઓક્ટોબર સાંજે ૩ કલાકે કેવડિયા હેલિપેડ પર આગમન

### ૩૦ ઓક્ટોબરનો કાર્યક્રમ

- પ્રથમ જંગલ સફારી પાર્કનું ઉદ્ઘાટન કરશે.
- ફેરી બોટ (ક્રુઝ )નું ઉદ્ઘાટન કરશે.
- ભારતભવન, એકતા મોલ, ચિલ્ડ્રન પાર્ક, ગ્લો ગાર્ડન,કેકટર્સ ગાર્ડન, એકતા નર્સરીનું પણ ઉદ્ઘાટન કરશે.
- સાંજે ૬ કલાક બાદ કેવડિયા ખાતે જ રોકાણ કરશે.

### ૩૧ ઓક્ટોબરનો કાર્યક્રમ

- સવારે ૭ કલાકે આરોગ્ય વનનું ઉદ્ઘાટન કરશે.
- સવારે ૭.૩૦ કલાકે સ્ટેચ્યૂ ઓફ યુનિટી પર ચરણ પૂજા.
- સવારે ૮ કલાકે રાષ્ટ્રીય એકતા પરેડ સલામી નિરીક્ષણ કરશે.
- સવારે ૮.૪૫ કલાકે રાષ્ટ્રીય જોગ સંબોધન કરશે.
- સવારે ૯ કલાક પછી IAS વર્ચ્યુઅલ સંવાદ યોજશે.
- તળાવ નંબર ૩ પર જશે, સી પ્લેનનું ઉદ્ઘાટન કરી અમદાવાદ જવા રવાના થશે.

# ગોધરા નગર પાલિકા વિસ્તારમાં ચબુતરા પાસે આવેલ જાહેર શૌચાલય શોભાનો ગાંઠિયો

ગોધરા,

ગોધરા શહેરની મધ્યમાં આવેલ રામસાગર તળાવચ ચબુતરા વિસ્તારમાં જાહેર શૌચાલયના અભાવે ગંદકી અને દુર્ગંધનું સામ્રાજય જોવા મળી રહ્યું છે. એક તરફ ગોધરા નગર પાલિકા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત દર વર્ષ ૧ થી ૫૦માં સ્થાન મેળવી ગૌરવ લેતું હોય છે. પણ અમુક જાહેર વિસ્તારોમાં સ્વચ્છતાની સ્થિતીને દેખતા ગોધરા પાલિકાને સ્વચ્છતા બાબતેના સર્વેમાં સ્થાન કેવા માપદંડથી આપવામાં આવતું હશે તે પ્રશ્ન ચોકકસ થઈ શકે છે.

ગોધરા રામસાગર તળાવ ચબુતરા પાસે જાહેર શૌચાલય આવેલ હતું. તે શૌચાલયને નગરપાલિકા દ્વારા તોડી નાખવામાં આવ્યું હતું. જાહેર શૌચાલય તોડી નાખવામાં આવતાં આસપાસના દુકાનદારો તેમજ ગ્રામ્ય વિસ્તારો માંથી આવતાં લોકો માટે પરેશાની ઊભી થવા પામી હતી. સ્થાનિક રહિશ અને વોર્ડ સભ્ય દ્વારા તળાવ કિનારે જાહેર શૌચાલય માટે ઉપવાસ આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારતા નગરપાલિકા દ્વારા મોબાઈલ શૌચાલય ગોઠવી નાખવામાં આવ્યું. તે માત્ર શોભાના ગાંઠીયો બની રહેવા પામી છે. નગરપાલિકા દ્વારા સ્થાનિક વિસ્તારમાં વેપારી વર્ગ અને લોકોના રોષને ખાબવા માટે મોબાઈલ શૌચાલય ઊભુ કરવામાં આવ્યું પણ તેની સ્વચ્છતા જાળવવામાં પાલિકા તંત્ર ઉભુ ઉતરેલ જણાઈ રહે છે. હાલમાં જે સ્થળે નગરપાલિકા દ્વારા જાહેર મોબાઈલ શૌચાલય મુકવામાં આવ્યું છે. તેમ છતાં લોકો જાહેરમાં શૌચક્રિયા મુકવામાં આવ્યું છે. તેમ છતાં લોકો જાહેરમાં શૌચક્રિયા કરતા જોવા મળે છે. ટ્રાફિક થી અવરજવર ધરાવતા વિસ્તારમાં જાહેરમાં શૌચક્રિયા કરતા હોવાને લઈ રોડ ઉપરથી પસાર થતી મહિલાઓ શોભાજનક સ્થિતીમાં મુકાતી હોય છે. ચબુતરા વિસ્તારમાં જાહેરમાં ગંદકી અને દુર્ગધને લઈને રસ્તા ઉપરથી પસાર થતા લોકો પરેશાન થઈ રહયા છે. તેમ છતાં નગરપાલિકા તંત્ર આ બાબતને ગંભીરતાથી લઈ રહી નથી.



રામસાગર તળાવના કિનારે ચબુતરા વિસ્તારમાં એક વર્ષ ઉપરાંતના સમયથી જાહેર શૌચાલય તોડી નાખવામાં આવ્યું છે. જેને લઈ આ વિસ્તારમાં ગંદકીનું સામ્રાજય જોવા મળી રહયું છે. તેમ છતાં ગોધરા પાલિકા તંત્ર દર વર્ષની જેમ ચાલુ વર્ષ પણ સ્વચ્છ ભારત મિશન અંતર્ગતના સ્વચ્છતા સર્વેમાં ૧ થી ૫૦માં સ્થાન મેળવી ગૌરવ લઈ રહ્યું છે. ત્યારે પ્રશ્ન થાય કે તળાવ ચબુતરા વિસ્તારમાં જાહેર શૌચાલય તોડી નાખ્યા બાદ જે ગંદકીની સ્થિતી છે. તે જોતાં ગોધરા નગરપાલિકા ભારત સ્વચ્છતા મિશન અંતર્ગતના સર્વેમાં સ્થાન મેળવતું હોય ત્યારે આવા સ્વચ્છતા સર્વેમાં કેવા પ્રકારના માપદંડને ધ્યાનમાં લેવાતા હશે તે પ્રશ્ન થાય છે. જો સ્વચ્છ ભારત મિશનના સર્વેના દરમ્યાન સ્વચ્છતાને ધ્યાનમાં લેવામાં આવતી હોય તો આવી તળાવના ચબુતરા વિસ્તારમાં સ્વચ્છતા બાબતે નગરપાલિકા એ ધ્યાન આપ્યું હોત.

- જાહેરમાં શૌચક્રિયાની ગંદકી અને દુર્ગંધનું સામ્રાજય.
- ગોધરા પાલિકા ભારત સ્વચ્છતા મિશનના સર્વેમાં ૧ થી ૫૦ સ્થાન મેળવતું હોય તેમ છતાં જાહેરમાં સ્વચ્છતાના નામે મીંડુ.
- નગર પાલિકા દ્વારા મોબાઈલ શૌચાલય મૂક્યા બાદ સ્વચ્છતા જાળવણીનો અભાવ.



ગોધરા મુસ્લિમ સમાજના એકમાત્ર હર હંમેશા સમાજની સાથે રહેનાર અને કોમી એકતાનું ઉદાહરણ પૂરૂં પાડનાર હાજી હનીફ કલંદર (ભાણા) અને સમગ્ર ટીમ દ્વારા લોકડાઉનમાં કોઈપણ નાત જાત ધર્મ જોયા વગર કોમી એકતા અને માનવતાનું કામ કરવા બદલ સમગ્ર ગુજરાતમાંથી અભિનંદનની વર્ષા થઈ રહી છે. જે પંચમહાલ જિલ્લા માટે ગર્વ ને વાત છે. પંચમહાલ કોંગ્રેસ પણ સેવાકીય પ્રવૃતિઓ ને બિરદાવી છે.

# પંચમહાલ જીલ્લામાં આજે ૮ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૭૨૭ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૦૮ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૦૮ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૭૨૭ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૦૮ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરામાં–૦૨, હાલોલ–૦૫,કાલોલ–૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

- ૦૮ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૧૦૪.
- મૃત્યુ આંક - ૧૨૦.

# કરજણ બેઠકના BJP ઉમેદવારના પ્રચાર માટે કુરાલી આવેલ નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ ઉપર ચપ્પલ ફેકાયું




ગોધરા,

મધ્ય ગુજરાત કરજણ બેઠકની પેટા ચૂંટણી માટેના ચૂંટણી પ્રચાર માટે આવેલ રાજ્યના નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ ઉપર ચપ્પલ ફેંકવાનો બનાવને વખોડી કાઢવામાં આવ્યો.

મધ્ય ગુજરાતની કરજણ બેઠકના ધારાસભ્ય અક્ષય પટેલએ કોંગ્રેસમાંથી રાજીનામું આપીને ભાજપમાં જોડાઈ ગયા હતા. હાલ પેટા ચૂંટણીમાં બીજેપી દ્વારા અક્ષય પટેલને બીજેપીના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે. પક્ષ પલ્ટુને બીજેપીમાંથી ટીકીટ આપવામાં આવતાં બીજેપી પક્ષમાં પણ અસંતોષ જોવા મળી રહ્યો છે. જ્યારે બીજી તરફ પક્ષ પલ્ટુને જાકારો આપવા માટે કોંગ્રેસ દ્વારા જોરશોરથી પ્રચાર કરવામાં આવી રહ્યો છે. હાલમાં કરજણ બેઠકની સ્થિતિ જોતાં બીજેપી બેઠક ગુમાવી રહી છે. ત્યારે મોરચો સંભાળવા માટે રાજ્યના નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ આજ રોજ કરજણ તાલુકાના કુરાલી ખાતે ચૂંટણી સભાને સંબોધવા આવ્યા હતાં. ચૂંટણી જનસભા સંબોધ્યા બાદ ના.મુખ્યમંત્રી નિતિન પટેલ મીડીયાને સંબોધન કરી રહ્યાં હતાં. દરમ્યાન નિતિન પટેલ ઉપર કોઇ વ્યક્તિ દ્વારા ચપ્પલ ફેંકવામાં આવ્યું હતં. આ ઘટના ને લઈ રાજકીય માહોલ ગરમાયો છે. રાજ્યના ના. મુખ્યમંત્રી ઉપર ચપ્પલ ફેંકવાની ઘટનાને રાજકીય પક્ષોના આગેવાનોએ આકરા શબ્દોમાં વખોડી કાઢ્યો હતો. ના.મુખ્યમંત્રી ઉપર ચપ્પલ ફેંકવાની ઘટના બાદ ના.મુખ્યમંત્રીની સુરક્ષા વધારવામાં આવી હતી.

## ના.મુખ્યમંત્રી ઉપર ચપ્પલ ફેંકવાની ઘટનાથી પોલીસ તંત્ર અજાણ

કરજણ પેટા ચૂંટણીમાં બીજેપી ઉમેદવારના ચૂંટણી પ્રચાર માટે કુરાલી ગામે રાજ્યના ના.મુખ્યમંત્રી ચૂંટણી સભા સંબોધવા આવ્યા હતા. ચૂંટણી સભા સંબોધન કર્યા બાદ મીડીયા સાથે વાતચીત કરી રહ્યાં હતા. દરમ્યાન ના.મુખ્યમંત્રી ઉપર ચપ્પલ ફેંકવામાં આવ્યું હતું. પોલીસ આ ઘટનાથી અજાણ હતી. કરજણ બેઠક ખાતે ચૂંટણી પ્રચાર આવેલ ના.મુખ્યમંત્રીની ગરિમા જાળવાઈ ન હતી.

# કાલોલ તાલુકાના બેઢીયા જલારામ મંદિર ખાતે કાલોલ તાલુકાની દૂધ મંડળીઓ ની રજૂઆતો સાંભળવા ધારાસભ્ય સુમન ચૌહાણએ યોજી બેઠક



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલ તાલુકાના સમા દેવચોટીયા ખાતે પંચમહાલ ડેરીની વાષિક સાધારણ સભામાં પડતર પ્રશ્નો અંગે માંગ કરતાં તાલુકાના કાનો અને ભેડીદ્રા દુધ મંડળીને કોઈપણ પ્રકારની જાણ ક્યા વિના માત્ર ફોન કરીને જાણ કરી હતી કે મંડળી બંધ કરવામાં આવી છે.જેના પગલે કાલોલ તાલુકા કાનોડ દુધ ડેરીના ચેરમેને પંચમહાલ ડેરીની તાણશાહી સામે અનેક પ્રશ્નો અંગે માંગ પુરી કરવાનુ બિડુઝડપી કાલોલ બેઠિયા જલારામ મંદિર ખાતે એક મિટિંગ યોજી કાલોલ ધારાસભ્ય સુમનબેન ચૌહાણ,જીલ્લા પંચાયતના પ્રમુખ રાજપાલસિંહ યાદવ, જીલ્લા કલેકટર અમિત અરોરાને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.જેના ભાગ રૂપે ૨૬ ઓક્ટોબરના રોજ કાલોલ તાલુકામાં આવેલી તમામ ડેરીના ચેરમેન,સેક્રેટરીઓ સરપંચ તેમજ ભાજપના કાલોલ, ઘોઘંબા તાલુકાના ભાજપના નેતાઓએ જલારામ મંદિર ખાતે કોરોના મહામારીમાં મોરચો માંડ્યો હતો. આમ મોરચાના ઉપસ્થિત મહેમાનોની પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. કાલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલી ડેરીઓને ના અનેક પ્રશ્નોના નિરાકરણ લાવવા માટે કરેલ રજુઆતોના આશ્વાસન આપવા ભાજપના હોદ્દેદારો દ્વારા તેમની રજૂઆતોને સરકાર સુધી પહોંચાડવખની બાંયધરી આપી હતી.જેમ બને તેમ વહેલી તકે ડેરીઓના પ્રશ્નોનુ નિવારણ લાવવા જણાવ્યુ હતું. કાનોડના ચેરમેન પ્રવિણભાઈ ચૌહાણના જણાવ્યા અનુસાર કાલોલ દુધ મંડળીને તાળા મારી અને હાલ પંચમહાલ ડેરીના વહીવટીતંત્રએ કાનોડના કોંગ્રેસના પક્ષના આગેવાનોને સોંપી તે કેટલા અંશે જવાબદાર છે. તેવા પ્રશ્નનને પણ દોહરાવવામાં આવ્યાં હતાં.તેમજ પંચમહાલ ડેરીમાં ગેરરીતિઓ આચરવા સામે અવાજ ઉઠાવનાની મંડળી બંધ કરવામાં આવતી હોય છે તેવા આક્ષેપો થયા હતા.

ગોધરા નગરપાલિકા
ઓનલાઈન ટેન્ડર નિવિદા-૦૯ સને-૨૦૨૦-૨૧

આથી તમામ એજન્સી/કોન્ટ્રાકટર વિ. ને ગોધરા શહેર માં સી.સી. રોડ તથા ડામર રોડ બનાવવાના કામ માટે રૂા.૫.૨૦ લાખ થી રૂા.૧૫૦.૦૧ લાખ ના ૦૨ કામ માટેના ઓનલાઈન ટેન્ડર www.nprocure.com વેબસાઈટ ઉપર ઓનલાઈન પબ્લીશ કરવામાં આવેલ છે. ઓનલાઈન ટેન્ડરો તા.૨૬/૧૦/૨૦૨૦ થી તા.૦૫/૧૧/૨૦૨૦ સુધી ભાવો ભરી શકાશે. ભાવો ભરેલ એજન્સી/કોન્ટ્રાકટરે ટેકનીકલ બીડ તા.૦૯/૧૧/૨૦૨૦ સુધી મુખ્ય અધિકારીશ્રી, નગરપાલિકા ગોધરાના નામથી આર.પી.એડી./સ્પીડ પોસ્ટ થી મોકલી આપવાના રહેશે. તા.૧૦/૧૧/૨૦૨૦ ના રોજ ટેન્ડરો ઓપન કરવામાં આવશે. તમામ ટેન્ડરો રદ્દ બાતલ કરવાનો હકક નગરપાલિકાને અબાધિત રહેશે.

(સંજયકુમાર પી. પટેલ) મુખ્ય અધિકારી નગરપાલિકા ગોધરા
(સાજીદ કલા) ચેરમેન, પ્લાનીંગ વિભાગ નગરપાલિકા ગોધરા
(દિપક એન. સોની) ઉપ પ્રમુખ નગરપાલિકા ગોધરા
(ઈલેન્દ્ર પી. પંચાલ) પ્રમુખ નગરપાલિકા ગોધરા

(જિમાક/ગોધરા/૪૭૩/૨૦૨૦)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઘી મજેવાડી દૂધ ઉ. સ. મંડળી
મુ. મજેવાડી, તા. ગોધરા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

જે. આર. શાહ
મુ. બેઢીયા, તા. કાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કિંજલકુમાર શાહ
મુ. દેલોલ, તા. કાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કે. એસ. પરમાર
મુ. દેલોલ, તા. કાલોલ

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 57